

## અરવલ્લી જિલ્લાના મોડાસા અને માલપુર પંથકમાં બીજા દિવસે વરસાદી ઝાપટા

લાંબા સમયના વિરામ બાદ રાજ્યભરમાં વરસાદે મેઘમહેર કરતા રાજ્યના પ્રજાજનોમાં આનંદ છવાયો હતો. અરવલ્લી જીલ્લામાં વરસાદી વાતાવરણ વચ્ચે જીલ્લાના માલપુર અને મોડાસા પંથકમાં વરસાદી ઝાપટા અને ઝરમર વરસાદ થતા બંને પંથકમાં ખેતરમાં ઉભા પાકને જીવતદાન મળવાની આશા પેદા થતા ભૂમિપુત્રો મલકાયા હતા. સતત બીજા દિવસે વરસાદી ઝાપટાથી વાતાવરણમાં શીત લહેર પ્રસરી હતી. માલપુરના પરસોડા ગામે ધોધમાર વરસાદ પડતા ગામના એક સામાજિક પ્રસંગમાં ભંગ પડ્યો હતો. વરસાદી ઝાપટાથી ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાયા હતા.

# શામળાજી બોર્ડરથી દારૂ ઢીંચીને પરત આવતા છ યુવાનો ઝડપાયા

## મોડી રાત્રે ચિલોડા સર્કલ પાસે વાહન ચેકિંગ કરતી પોલીસે ઈકો ગાડીમાં સવાર છ અમદાવાદના યુવાનોને પીધેલા પકડયા

ગાંધીનગર, તા.૯

નાની મોટી પાર્ટીઓ કરવા માટે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના યુવાનો માટે શામળાજી (રતનપુર)બોર્ડર અને માઉન્ટ આબુ બંને હોટ ફેવરિટ જગ્યાઓ થઈ ગઈ છે. સાંજે ઘરેથી નીકળી જવાનું અને બોર્ડરે જઈને પાર્ટી માટે દારૂ ઢીંચીને રાત્રે પરત થઈ જવાનું એટલે સવારે વહેલા ઘરે...! ગઈકાલે મોડી રાત્રે પાર્ટી કરવા આવી રીતે જ શામળાજી બોર્ડર જઈને દારૂ ઢીંચીને પરત આવી રહેલા છ શખ્સોને ચિલોડા સર્કલ થી પોલીસે પકડી પાડ્યા હતા. ઈકો ગાડી લઈને નીકળેલા આ સાત મિત્રો પૈકી છ પીધેલા નીકળ્યા હતા. તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ચિલોડા પોલીસે તેમની સામે ગુનો દાખલ કર્યો છે.

ચિલોડા પીઆઈ વાઘેલા અને તેમની ટીમ ગઈ રાત્રે દોઢ વાગ્યાના અરસામાં ચિલોડા સર્કલ પાસે વાહન ચેકિંગ કરી રહ્યા હતા ત્યારે હિંમતનગર તરફથી આવી રહેલી એક ઈકો ગાડી ઉભી રખાવી તેમાં તપાસ કરી હતી. તપાસ કરતાં ઈકો ગાડીમાં બેઠેલા સાત શખ્સો પૈકી છ શખ્સો દારૂના નશામાં હોવાનું ધ્યાને આવ્યું હતું. ચિલોડા પોલીસે અમદાવાદના મણીનગર વિસ્તારના તમામ છ પીધેલા યુવાનોને પકડી પાડ્યા હતા. મણીનગરના નિલેશ પૂનમચંદ પ્રજાપતિ, હિમાંશુ દિલીપ પરમાર, દિનેશ કૈલાશ તવર, હિતેશ જયંતી પટેલ, દિપક ધનજી મકવાણા અને વિશાલ નટવર મોદી મળીને છ શખ્સોને પીધેલા હાથમાં પકડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. તેઓ ક્યાંથી દારૂ પીને આવ્યા તે બાબતે પૂછપરછ કરતા બહાર આવ્યું હતું કે અમદાવાદથી સ્પેશિયલ પાર્ટી કરવા માટે શામળાજી બોર્ડર ગયા હતા અને ત્યાંથી મોડી રાત્રે તેઓ પરત ફરી રહ્યા હતા. તમામ છ શખ્સો સામે ગુનો દાખલ કરી ચિલોડા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પીડીપીયુ ચોકડી પાસેથી પસાર થતી અલટોમાંથી પોલીસને અડધી બોટલ દારૂ મળ્યો

ઈન્ફોસિટી પોલીસ વાહન ચેકિંગમાં હતી તે દરમિયાન પીડીપીયુ ચોકડી પાસેથી પસાર થતી એક અલ્ટો ગાડીમાં ચેકિંગ કરતા પોલીસને ગાડીની પાછળની સીટ ના કવરમાંથી વિદેશી દારૂની એક બોટલ મળી આવી હતી. સીલ ખૂલેલી વિદેશી દારૂની અડધી બોટલ ઓફિસર્સ ચોઈસ સાથે પોલીસે ત્રણ શખ્સોને પકડી પાડયા હતા. રાયસણ ગામમાં આંગનવિલા બંગ્લોઝમાં રહેતા ભાવિક રમેશ ચૌધરી અને મનુ ભગવાન ચૌધરી ઉપરાંત મહેસાણાના અશ્વિન મગન ચૌધરી મળીને ત્રણ શખ્સોની ધરપકડ કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પકડાયેલા શખ્સો ટિફિન સર્વિસના વ્યવસાય સાથે જોડાયેલા હોવાનું જાણવા મળ્યું છે.



## ખોરડા પ્રાથમિક શાળાની બાજુમાં જ ગંદા પાણીનો ભરાવો

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના ખોરડા ગામે પ્રાથમિક શાળાની બાજુમાંજ ગંદા પાણીનો ભરાવો થતા બાળકોના આરોગ્ય સામે ગંભીર પ્રકારનો ખતરો તોળાઈ રહ્યો છે. ખોરડા ગામે આવેલી પ્રાથમિક શાળામાં ધો. ૧ થી ૮ સુધીનું શિક્ષણકાર્ય કાર્યરત છે. આ શાળાના કમ્પાઉન્ડને અડીને ગંદા પાણીનો ભરાવો થાય છે. જેના કારણે બાળકોના આરોગ્ય સામે ખતરો તોળાઈ રહ્યો છે. વાલીઓના જણાવ્યા મુજબ ગટરનું ગંદુ પાણી અહીં ભરાઈ રહે છે જે આગળ જતુ નથી એટલે તાત્કાલિક તેનો નિકાલ કરવામાં આવે તે જરૂરી છે.

## ગ્રામભારતી અમરાપુર ખાતે રેડક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમિયા ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામભારતી અમરાપુર ખાતે ગ્રામ સેવા મહા વિદ્યાલયમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની રાજ્ય શાખા તથા જિલ્લા શાખાના સંયુક્ત ઉપક્રમે થેલેસેમિયા ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું હતું. આ સાથે મેડીકલ ચેકઅપ કેમ્પ પણ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનોનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી આયોજિત નિઃશુલ્ક થેલેસેમિયા કેમ્પમાં મોટી સંખ્યામાં યુવા વિદ્યાર્થીઓનું થેલેસેમિયા પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ સાથે યુવાનોને થેલેસેમિયા રોગ અંગે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતુ જેથી બે થેલેસેમિયા માઈનોર વિજાતિય પાત્રો લગ્ન કરી થેલેસેમિયા મેજર બાળકને જન્મ આપવામાંથી બચી શકે અને થેલેસેમિયા રોગને આગળ વધતો અટકાવી શકાય. આ કેમ્પમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની રાજ્યશાખામાંથી વિનોદભાઈ જોશી તથા ગાંધીનગર જિલ્લા શાખામાંથી જે.એન. પરીખ, કૌશિકભાઈ ભટ્ટ, મગનભાઈ કાકડીયા, જીલુભા ધાંધલ વગેરેએ સેવાઓ પુરી પાડી હતી.



## ચિલોડા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીનો સત્કાર કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર જિલ્લાનું મુખ્ય પ્રવેશદ્વાર સમા જંકશન મથક ગણાતુ ચિલોડા ગામ દિનપ્રતિદિન પ્રગતિના સોપાનો સર કરી રહ્યું છે. ત્યારે તાજેતરમાં જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીઓની સ્થળ બદલીના દોરમાં બદલીપાત્ર તલાટી કમ મંત્રી તરીકે ચિલોડા ગ્રામ પંચાયતમાં યુવાન તલાટી તરીકે રાજુભાઈ જે. પટેલની નિમણુંક થતાં તેમનો સત્કાર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ચિલોડા ગ્રામ પંચાયતના સિનિયર સભ્ય નટુભાઈ પટેલ, હરેશભાઈ સોલંકી, જયંતિભાઈ પટેલ તેમજ ગામના અગ્રણી દિનેશભાઈ પટેલ, શામળભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ, અનિલભાઈ પટેલ, મહેશ પટેલ, દિલિપજી ઠાકોર, ધર્મેન્દ્રજી ઠાકોર વગેરે ઉપસ્થિત રહી પંચાયત હસ્તકની કામગીરી અંગે ચર્ચા વિચારણા કરી રાજુભાઈ પટેલને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગામ વિકાસના કામો તથા સ્વચ્છતા અંગે ખાસ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું.

# સૌરાષ્ટ : જુદા જુદા ભાગોમાં બ્રેક બાદ વરસાદની શરૂઆત

અમદાવાદ, તા. ૯

બ્રેકની સ્થિતિ બાદ ગુજરાતના જુદા જુદા ભાગોમાં બીજા રાઉન્ડના વરસાદની શરૂઆત થઈ ગઈ છે. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં આજે વરસાદ થયો હતો. મધ્યગુજરાત, દક્ષિણ ગુજરાત અને કચ્છના કેટલાક વિસ્તારમાં હળવો વરસાદ થયો હતો. રાજકોટમાં ધોધમાર વરસાદ થતાં અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. રાજકોટથી પ્રાપ્ત અહેવાલ મુજબ ૧૫૦ રિંગ રોડ, કાલાવાડ રોડ, યાજ્ઞિક રોડ, મવડી સહિતના વિસ્તારોમાં વરસાદ થયો હતો. બીજી બાજુ દ્વારકા,મોડાસા, ગાંધીધામ, સુરેન્દ્રનગર સહિતના વિસ્તારોમાં પણ ઉલ્લેખનીય વરસાદ થયો છે. ગુજરાતના ઘણા ભાગોમાં હજુ પણ ખુબ ઓછો વરસાદ થયો છે. હજુ સુધી સૌથી માઠી અસર જે જિલ્લાઓમાં થઈ છે જેમાં કચ્છ અને અમદાવાદનો સમાવેશ થાય છે.

રાજ્યમાં ૧૯ ટકા ઓછો વરસાદ હજુ સુધી નોંધાયો છે. ૪૪૧ મીમી વરસાદની સામે ૩૩૬મીમી વરસાદ ગુજરાતમાં પડ્યો છે. હવામાન વિભાગ તરફથી જે આંકડા આપવામાં આવ્યા છે તે મુજબ સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓમાં કચ્છ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, અમદાવાદ, પાટણનો સમાવેશ થાય છે. કચ્છમાં ૭૮ ટકા ઓછો વરસાદ જ્યારે ગાંધીનગરમાં ૭૦ ટકા ઓછો વરસાદ, સુરેન્દ્રનગરમાં ૬૬ ટકા ઓછો વરસાદ અને અમદાવાદમાં ૬૨ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. આઈએમડી તરફથી જણાવવામાં આવ્યું છે કે, બંગાળના અખાતમાં ડિપ્રેશનનું પ્રભુત્વ જોવા મળી રહ્યું છે. આવી સ્થિતિ હળવા વરસાદી ઝાપટા પડી શકે છે. ઓગસ્ટ મહિનામાં સામાન્યરીતે ત્રણ અથવા ચાર સિસ્ટમ વિકસિત થાય છે. કેટલીક સિસ્ટમ વરસાદ ખેંચી લાવે છે અને ફાયદો કરાવે છે. અમદાવાદની વાત કરવામાં આવે તો ૩૬૯મીમીની સામે હજુ સુધી ૧૪૧મીમી વરસાદ થયો છે એટલે કે પાંચ ઈંચથી આસપાસ વરસાદ નોંધાયો છે. ૬૨ ટકા ઓછો વરસાદ થયો છે. સુરેન્દ્રનગર, ગાંધીનગર અને કચ્છમાં આવી જ હાલત બનેલી છે.

## એશિયન બેરિયાટ્રીક દ્વારા ફેલોશીપ કાર્યક્રમનું આયોજન

અમદાવાદ, તા. ૯

ઈન્ડિયન સોસાયટી ઓફ ગેસ્ટ્રોઈન્સ્ટેસ્ટીનલ એન્ડો સર્જન્સ (ISEG) ના ઉપક્રમે એશિયન બેરિયાટ્રીક દ્વારા અમદાવાદમાં એડવાન્સ્ડ લેપ્રોસ્કોપિક સર્જરી- બેરીયાટ્રીક (FALS-Bariatric)ના ત્રીજા ફેલોશિપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અગ્રણી બેરીયાટ્રીક સર્જન અને ઓર્ગેનાઈઝીંગ ચેરમેન ડો. મહેન્દ્ર નારવરીયા અને ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડો. સંજય પાટોલીયા આ આ ૩ દિવસના સમારંભમાં પોતાની નિપુણતા વડે પ્રોગ્રામનુ નેતૃત્વ સંભાળી રહ્યા છે.

અંદાજે ૫૦ જેટલી નેશનલ અને ઈન્ટરનેશનલ ફેકલ્ટી આ ૩ દિવસના સમારંભમાં હાજરી આપશે. સમારંભમાં સેમિનારો, પેનલ ચર્ચાઓ અને પરામર્શનુ આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષનો ફેલોશિપ કોર્સ બેરીયાટ્રીક સર્જરીને લગતા વિષયોને આવરી લેશે.

મિડીયાને સંબોધન કરતાં ડો. મહેન્દ્ર નારવરીયાએ જણાવ્યું હતું કે "ફેલોશિપ કોર્સના આયોજન પાછળનો ઉદ્દેશ એ છે કે જે કોઈ ફેલોશિપ પ્રોગ્રામમાં હાજરી આપે તેને અમારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો પાસેથી વર્કશોપ જેવા કાર્યક્રમો દ્વારા તાલિમ પ્રાપ્ત કરે, જેથી તે દર્દીઓની સલામતિ બાબતે વધુ ધ્યાન આપવાનુ શીખી શકે અને એ દ્વારા વધુ બહેતર કામગીરી કરી શકે." વધુ વિગત આપતાં સમારંભના ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી સંજય પાટોલીયાએ વધુમાં જણાવ્યું કે "આ ત્રણ દિવસના ફેલોશિપ પ્રોગ્રામના ભાગ તરીકે એશિયન બેરીયાટ્રીક હોસ્પિટલ ખાતે ૧૫ સર્જરી કરવામાં આવશે અને થ્રીડી ટેકનોલોજીનો ઉપયોગ કરીને સમારંભના સ્થળે તેનુ ટ્રાન્સમિશન કરાશે. થ્રીડી ટેકનોલોજીથી આ પ્રકારની સર્જરી ટ્રાન્સમીટ કરાઈ હોય તેવી આ ભારતની પ્રથમ ઘટના છે.

## અમદાવાદમાં રીક્ષાઓના પિકઅપ-પાર્કિંગ પોઈન્ટ ઉભા કરવાની તૈયારી

અમદાવાદ, તા.૯

શહેરમાં ટ્રાફિક સમસ્યામાં રીક્ષાઓનાં આડેધડ પાર્કિંગ પણ જવાબદાર હોઈ હાઈકોર્ટે આ મામલે કરેલા નિર્દેશો બાદ રાજય સરકાર અને અમ્યુકો તંત્ર તેમ જ પોલીસ-ટ્રાફિક તંત્રએ હવે શહેરના ઓટોરીક્ષાચાલકોને ઓડિયો-વીડિયો તાલીમ આપવાની દિશામાં ગંભીર કવાયત હાથ ધરી છે. સાથે સાથે રીક્ષાચાલકો સાથે ચર્ચા વિચારણા કરી તેમને વિશ્વાસમાં લઈને શહેરના વિવિધ વિસ્તારોમાં પિક અપ પોઈન્ટ અને પાર્કિંગ પોઈન્ટ ઉભા કરવાની દિશામાં પણ ચક્રો ગતિમાન કર્યા છે. આ માટે પિક અપ પોઈન્ટ અને રિક્ષા સ્ટેન્ડ આઈડેન્ટીફાય કરવાની પ્રક્રિયા પણ ચાલી રહી છે. શહેરમાં વિવિધ વિસ્તારોમાં માર્ગો પર રીક્ષાચાલકો ગમે ત્યાં રિક્ષા ઊભી રાખી દેતા હોય છે, જેના કારણે પણ ટ્રાફિક જામ થાય છે. આડેધડ વાહન પાર્કિંગ બાદ પોલીસે હવે રીક્ષાચાલકોના આડેધડ પાર્કિંગની સમસ્યાનો ઉકેલ લાવવાનું આજથી શરૂ કર્યું છે.

### મેઘતાંડવ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકોના મોત નિપજ્યા છે. પોલીસ તથા સ્થાનિક લોકોએ કાટમાળમાંથી બે લોકોને જીવતા બહાર કાઢ્યા છે. ઈદામાલયર ડેમથી આજે સવારે લગભગ ૬૦૦ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું, જેથી જળસ્તર ૧૬૯.૯૫ મીટર પર પહોંચી ગયું. ઈડુક્કી ડેમમાં આજે સવારે આઠ વાગ્યા સુધી જળ સ્તર ૨૩૯૮ ફૂટ હતુ જે જળસ્તર પૂર્ણ સ્તરના મુકાબલે ૫૦ ફૂટ વધારે હતું. તંત્રને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે.

કોઝિકોડ અને વાયનાડ જીલ્લામાં ભારે વરસાદ અને પૂરના કારણે રાષ્ટ્રીય આપદા મોચન બળ (એનડીઆરએફ)ની એક ટીમ કોઝિકોડ પહોંચી ગઈ છે. કેન્દ્રથી ઉત્તર કેરળ માટે બે ટીમ મોકલવા માટે કહેવામાં આવ્યું છે. વરસાદના કારણે ઈડુક્કી, કોલ્લમ અને અન્ય જીલ્લામાં શૈક્ષિક સંસ્થાઓમાં ગુરૂવારે જાહેર રજા જાહેર કરવામાં આવી છે.

આ સાથે પેરિયાર નદીનું જળસ્તર વધી જવાના કારણે વધુ પાણી છોડવા માટે ઈદમલયાર ડેમના ચાર દરવાજાને ગુરૂવારે ખોલી દેવામાં આવ્યા છે. ઈર્ણાકુલમ જીલ્લા પ્રશાસનના અધિકારીઓએ કહ્યું કે,પાણી છોડવાના કારણે આ વિસ્તારોમાં મુશ્કેલીની આશંકાને જોતા ચોરીનક્કારા, અને કોમબનાદ ગામમાં રાહત શિબિર ખોલવામાં આવી છે.

કેરળ રાજ્યના આપદા પ્રબંધન પ્રધિકરણ અધિકારીઓએ જણાવ્યું કે, પેરિયાર નદીના તટ પર રહેતા લોકોએ ગભરાવવાની જરૂરત નથી ડેમનો દરવાજો સવારે પાંચ કલાકે, ૬ કલાકે અને આઠ કલાકે ખોલવામાં આવ્યો. વધારે જળ સંગ્રહ થતા ડેમના દરવાજા ૧ મીટર ખોલવામાં આવ્યા.

અધિકારીઓએ જળાશયમાં જળસ્તર ૧૬૮.૨૦ મીટર ગયા બાદ ઈદમલયાર ડેમ પર ગઈકાલે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અધિકારીઓએ જણાવ્યું કે, ૧૬૪ ક્યૂમેક્સ પાણી છોડવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રી પિનરઈ વિજયનને કહ્યું કે, અમે સેના, નૌસેના, કોસ્ટ ગાર્ડ અને એનડીઆરએફ પાસે મદદ માંગી છે.

### ત્રિપલ તલાક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જામીન આપી શકાશે. અલબત્ત આ ગુનો બિનજામીનપાત્ર તરીકે અકબંધ રહેશે. ડિસેમ્બર મહિનામાં જ લોકસભા દ્વારા એક બિલ પસાર કરવામાં આવ્યું હતું જેમાં ઈન્સ્ટન્ટ તલાક બિલને ક્રિમિનલ ગુના તરીકે ગણવાની જોગવાઈ કરવામાં આવી છે. જુદા જુદા વિરોધ પક્ષના સભ્યો દ્વારા રજૂ કરવામાં આવેલા શ્રેણીબદ્ધ સુધારાઓને ફગાવી દેવામાં આવ્યા બાદ બિલ પાસ કરવામાં આવ્યું હતું. વિરોધ પક્ષો દ્વારા અનેક પ્રકારના વાંધાઓ હોવા છતાં આ બિલને એજ દિવસે પસાર કરવામાં આવ્યું હતું જે દિવસે આ રજૂ કરવામાં આવ્યું હતું. નિચલા ગૃહમાં સ્પષ્ટ બહુમતિ ભાજપ સરકાર પાસે હોવાથી આ બિલ એજ દિવસે પાસ કરવામાં આવ્યું હતું. ડ્રાફ્ટ બિલને મુસ્લિમ મહિલા લગ્ન અધિકાર સુરક્ષા નામ આપવામાં આવ્યું છે. કોઈપણ વ્યક્તિ દ્વારા તલાક આપવાના કેસમાં કઠોર કાર્યવાહીની જોગવાઈ આમા કરવામાં આવી છે. ઈલેક્ટ્રોનિક સ્વરુપમાં અથવા તો લેખિતમાં અથવા તો મૌખિકરીતે પોતાની પત્નિને તલાકના કેસમાં કાર્યવાહીની જોગવાઈ કરવામાં આવી છે. આને સંપૂર્ણપણે ગેરકાયદે ગણવાની વાત કરવામાં આવી હતી. ડ્રાફ્ટ બિલમાં પણ જેલની સજાની જોગવાઈ રાખવામાં આવી છે. જેને વધારીને ત્રણ વર્ષ કરવામાં આવી શકે છે. આ ઉપરાંત દંડની જોગવાઈ પણ રાખવામાં આવી છે. છેલ્લા સત્રમાં રાજ્યસભામાં આ બિલ પર સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે તીવ્ર ચર્ચા થઈ હતી. બંને પક્ષો પોતપોતાની માંગ ઉપર મક્કમ રહ્યા હતા. કોંગ્રેસ પાર્ટીએ દલીલ કરી હતી કે, આ બિલમાં ઘણી ખામીઓ રહેલી છે જેથી આ બિલને સ્થાયી સમિતિ પાસે મોકલવામાં આવે તે જરૂરી છે. કોંગ્રેસ પાર્ટીની એવી માંગ પણ હતી કે, પીડિત મહિલાના પતિને જેલમાં મોકલવાની સ્થિતિમાં મહિલાને ભથ્થુ આપવાના સંદર્ભમાં પણ સુધારા કરવામાં આવે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અનેક મંચ ઉપરથી ત્રિપલ તલાકના મુદ્દે કોંગ્રેસ ઉપર પ્રહાર કરી ચુક્યા છે.

### સાયબર હુમલા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જોકે રેકોર્ડેડ ફ્યૂચર નામની એક સાયબર સુરક્ષા કંપનીએ જણાવ્યું હતું કે તેણે છેલ્લાં કેટલાંક સપ્તાહ દરમિયાન ઈરાનની ધમકીભરી ગતિવિધિ સાથે સંકળાયેલી વાતચીતમાં વધારો થતો જોયો છે.

અમેરિકાના નેશનલ ઈન્ટેલિજન્સ ડાયરેક્ટર કાર્યાલયમાં ઈરાનના પૂર્વ પ્રબંધન નોર્મરૂલે જણાવ્યું છે કે તેમનું માનવું છે કે ઈરાન સાયબર સ્પેસમાં હુમલા કરીને અમેરિકા દ્વારા લાદવામાં આવેલા આર્થિક પ્રતિબંધોનો ઉગ્ર વિરોધ કરશે. ઈરાન દ્વારા સાયબર હુમલા થઈ શકે છે એવા ઈન્ટેલિજન્સ ઈનપુટ મળતાં જ અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન સતર્ક થઈ ગયું છે અને અમેરિકાના સાયબર નિષ્ણાતો ઈરાનની પ્રત્યેક ગતિવિધિ પર ચાંપતી નજર રાખીને સતત મોનિટરિંગ કરી રહ્યા છે.

જો ઈરાન પર સાયબર હુમલા કરે તો અમેરિકાની તમામ સેવાઓ ઠપ થઈ શકે તેમ છે, કારણ કે અમેરિકામાં તમામ કામગીરી ઓનલાઈન ચાલે છે. આ ઉપરાંત સાયબર હુમલા થવાથી અમેરિકાનું અર્થતંત્ર પર પ્રભાવિત થઈ શકે છે.

### ગ્રહોની શોધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શોધવામાં આવેલા આ ૧૬ ગ્રહો પૃથ્વી અને એક શુક્રનાં આકારનો છે. યુનિવર્સિટીનાં વિદ્યાર્થી જૉન લિવિંગ્સટને કહ્યું કે,ચાર ગ્રહો ૨૪ કલાકથી પણ ઓછા સમયમાં પોતાનાં તારાઓની પરિક્રમા પૂર્ણ કરી લે છે. આનો અર્થ એ છે કે તે ગ્રહો પર એક વર્ષ પૃથ્વીનાં એક દિવસથી પણ નાના હોય છે. આ ખોજથી ઓછામાં ઓછા સમયમાં પરિક્રમા કરવાવાળા ગ્રહોની સંખ્યામાં વૃદ્ધિ થઈ છે.

વૈજ્ઞાનિકોનાં જણાવ્યા અનુસાર, આ ગ્રહોની સંખ્યા ઓછી નહીં પરંતુ આ અંતરિક્ષમાં મોટી સંખ્યામાં હાજર છે. અત્યાર સુધી આવા ગ્રહોને લઈને એવું માનવામાં આવે છે કે આની સંખ્યા વધારે ઓછી છે. શોધકર્તા એક્સોપ્લેનેટનાં વાતાવરણ અને ત્યાં જીવનની સંભાવનાઓને લઈને પણ અધ્યયન કરાશે. ખગોળવિદોનાં જણાવ્યા અનુસાર, નવી ટેક્નિકનાં ઉપયોગથી એક્સોપ્લેનેટની પુષ્ટિ કરવી આસાન થઈ શકી. ભવિષ્યમાં બહારનાં ગ્રહોની શોધમાં હજી વધુ તેજી આવવાની સંભાવના છે.

### નારાયણ વિજયી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે મોટી સમસ્યા ઉભી થઈ હતી પરંતુ હવે ભાજપને રાહત રહેશે. કારણ કે, તેના ઉમેદવાર હવે રહેલા છે. ચેરમેન તરીકે વેંકૈયા નાયડુ અને ડેપ્યુટી ચેરમેન તરીકે પણ તેમની પસંદગી કામે લાગી છે. મહત્વની બાબત એ છે કે, રાજ્યસભાના નાયબ અધ્યક્ષ માટેની ચૂંટણીમાં ભાજપના નેતૃત્વમાં એનડીએની પાછળ બીજેડીના નવ સભ્યો રહ્યા હતા. બીજેડીના નવ સભ્યોના ટેકાથી સ્પષ્ટ લીડ એનડીએને મળી ગઈ હતી. બીજેડી હમેશા જેડીયુને સમર્થન આપે છે. જયપ્રકાશ નારાયણ ચળવળના દિવસોથી જ જેડીયુ અને બીજેડીના સંબંધો ખુબ સારા રહ્યા છે. કોંગ્રેસના ઉમેદવાર ઓરિસ્સાના એઆઈસીસીના ઈન્ચાર્જ હતા. બીજેડી વિરુદ્ધ તેમના નિવેદનો પણ જાણીતા રહ્યા છે. બુધવારના દિવસે ભાજપ પ્રમુખ અમિત શાહે જુદા જુદા નેતાઓ સાથે વાતચીત કરી હતી જેમાં અકાળી દળ, શિવસેના, જેડીયુનો સમાવેશ થાય છે. હરિવંશના સમર્થનમાં પેપરના ચાર સેટ સોંપવામાં આવ્યા હતા. કોંગ્રેસના સાંસદ હરિપ્રસાદની ઉમેદવારીને બસપના સતીષમિશ્રા, એનસીપીના વંદના ચૌહાણ, કોંગ્રેસના આનંદ શર્મા, સમાજવાદી પાર્ટીના રામગોપાલ યાદવ અને આરજેડીના મિશા ભારતીએ ટેકો આપ્યો હતો.

### ખોટી આગાહી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેડૂતે આઈએમડી અધિકારીઓ સામે પોલીસમાં આવા કેસો નોંધાવ્યાં હતાં. તેમણે કહ્યું હતું કે આઈએમડી અધિકારીઓએ ખેડૂતોને ખોટી માહિતી આપી છે કે ખરીફ મોસમ દરમિયાન ઘણો વરસાદ પડશે.

ફરિયાદકર્તા જી.થાવરે કહ્યું કે, 'ખેડૂતોએ આઈએમડીના પૂર્વાનુમાનના આધારે વાવણી કરી હતી. પરંતુ શરૂવાતમાં વરસાદ આવ્યાં પછી વરસાદ જ ન આવ્યો.' જોકે નિવેદન આપવા માટે આઈએમડીનું કોઈ અધિકારી હાજર ન રહ્યાં.

### વિચિત્ર મિજાજ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરમાં ચોમાસાની સિઝનનો હજુ માંડ સાડા પાંચ ઈંચ જેટલો વરસાદ થયો છે. વારંવાર હળવા ભારે ઝાપટા વરસાવી છેલ્લા ઘણાં દિવસોથી હાજરી પુરાવાનુ પણ ભુલી ગયેલા મેઘરાજા ગઈકાલે રાત્રે અચાનક જ નગરને તરબતર કરી દેવાના મુડમાં હોય તેવો અહેસાસ નગરજનોએ કર્યો હતો. પરંતુ આ આશ પણ ઠગારી નિવડી હતી. રાત્રિના સમયે આકાશમાં ઘેરાયેલા વાદળો વરસ્યા હતા. પરંતુ નગરના કેટલાક ભાગોમાં જ વરસાદી ઝાપટુ વરસ્યુ હતુ. જયારે અમુક ભાગમાં વરસાદી છાંટણા પણ માંડ થયા હતા. ચ માર્ગની એકબાજુના સેકટરોમાં વરસાદી વાયરો જ ફુંકાયો હતો. જયારે અમુક સેકટરોમાં ભારે ઝાપટાના લીધે વરસાદી પાણીના ખાબોચિયા ઉભરાયા હતા. ગાંધીનગરમાં તા ૮ થી ૧૦ ઓગષ્ટ દરમિયાન વરસાદ ધોધમાર વરસશે તેવી આશ વચ્ચે મેઘરાજાના આગમનથી નગરજનોમાં નવી આશ બંધાઈ હતી પરંતુ વરસાદી વાદળો ફરી એકવાર મનમુકીને વરસ્યા વિના હાઉકલી કરીને જ અદ્રશ્ય થઈ ગયા હતા. શહેરના કેટલાક ભાગોમાં અડધા ઈંચ જેટલો વરસાદ થયો હતો. જયારે થોડીવારમાં જ વરસાદ અટકી જતા વાતાવરણમાં બફારો પ્રવર્તતા શહેરીજનો અકળાયા હતા. આજે પણ દિવસ દરમિયાન વરસાદી વાદળોની લુપાછુપી વચ્ચે વરસાદ વરસ્યો ન હતો.

### સમિતિનો નિર્ણય... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આઉટસોર્સિંગના કામદારોને ચાલુ રાખવાનો પણ નિર્ણય કર્યો છે.

આજની આ બેઠકમાં બે નંગ નાની ૪૦૭ કેઈન સાથે વસાવવા તેમજ ટ્રી ટ્રીમીંગ મશીનની ખરીદી કરવાનો પણ સૈદ્ધાંતિક નિર્ણય કરી તાત્કાલિક ટુંકી મુદતની જાહેરાત આપી ટેન્ડરપ્રક્રિયા કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ બેઠકમાં મુક્તિધામ ખાતે સુકા જલાઉ લાકડા પુરા પાડવા માટે બે એજન્સીઓના જે સરખા ભાવ હોવાથી બન્ને એજન્સીઓને આ ઈજારો આપવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

### વૃક્ષો દૂર કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પ્રકારના વૃક્ષો દુર કરવા માટે વનતંત્ર દ્વારા અગાઉ માર્કીંગ કરવાનુ કામ હાથ ધરાયુ હતુ. જેના અંતે સુકા અને જોખમી વૃક્ષોની કટોતી કરવા માટે પણ આગામી દિવસોમાં કામ હાથ ધરાશે. વનતંત્ર દ્વારા અત્યાર સુધી ૧૧૯ સુકા અને જોખમી વૃક્ષોને માર્કીંગ કરાયુ છે. જયારે આ તમામ વૃક્ષોની કટોતી કરવામાં આવશે. શહેરના મુખ્યમાર્ગો આસપાસ પણ આ પ્રકારના જોખમી વૃક્ષોને દુર કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે.

### દંડાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવશે. ગાંધીનગરમાં આમ પણ ટ્રાફીક નિયમનના મુદ્દે આમ પણ મીંડુ છે. ત્યારે નગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીમાં પણ ટ્રાફિક નિયમનના નામે મીંડુ છે. આર ટી ઓ કચેરીમાં જ આડેધડ વાહનો પાર્ક થાય છે. જયારે ગ માર્ગ પર વચાળે જ વાહનો ગોઠવાઈ જાય છે. આવા સંજોગોમાં આ વિસ્તારમાં માર્ગ સલામતી પણ જોખમાઈ છે. આર ટી ઓ કેચરીમાં આગામી દિવસોમાં ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પર ટેસ્ટ ડ્રાઈવ આપવા આવતા વાહનચાલકો કોઈપણ પ્રકારના ટ્રાફિકના નિયમનો ભંગ ન કરે તે માટે હવેથી વાહનચાલકો નિયમનના ભંગ બદલ દંડાશે. ટ્રેક પર ટેસ્ટ ડ્રાઈવ આપવા આવતા વાહનચાલકોની કાર પર ફિલ્મ પટ્ટી હોય તેવા કિસ્સામાં દંડ વસુલીને કાર્યવાહી હાથ ધરાશે. આર ટી ઓ કેચરીએ પણ ટ્રાફિક નિયમનના મુદ્દે સજાગ થવાની જરૂર છે. તંત્રની કચેરી પાસે જ સરેઆમ આડેધડ પાર્કીંગ કરી ટ્રાફિક નિયમનનો ભંગ કરવામાં આવે છે. માર્ગ સલામતી જોખમાય તેવી સ્થિતિ સર્જાય છે.

### ઠરાવ કરશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપવા માટે કોંગી સભ્ય બેચરજી ઠાકોરે કરેલી માંગને લઈ પણ એક પ્રસ્તાવ પ્રમુખ સ્થાનેથી રજુ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભામાં કોઈ સભ્યો તરફથી પ્રશ્નો રજુ થયા ન હોવાથી બેઠક રૂટીન બેઠક બની રહેશે તેમ મનાઈ રહ્યુ છે. આ બેઠકમાં સમિતિઓની મળેલી બેઠકોની કાર્યવાહી નોંધોને બહાલ રાખવામાં આવશે. આ ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારી હસ્તક મુકાયેલ રૂ. ૨૦ લાખની રકમમાંથી તત્કાળ જરૂરિયાત મુજબ ફાળવવામાં આવેલ રકમની મર્યાદાના કામોની મુદત ૩૧-૧૦-૧૮ સુધી વધારવા માટેનો પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવશે.

જિલ્લા પંચાયતની આજની બેઠકમાં વિવિધ સમિતિઓની રચનાનો મુદ્દો પણ હોઈ સૌની નજર આ વિષય પર મંડાયેલી છે.